**અરજદાર રિધ્ધીબેન મિહીરકુમાર ડોબરિયા નાઓની તા.૦૫/૦૨/૨૦૨૬ ની ફરીયાદ નં.૩૧૧૦૨૨૬૦૦૨૮૦૬૨ થી ગોંડલ સીટી બી–ડીવીઝન પોલિસ સ્ટેશન દ્વારા બેંકમાં ફ્રીઝ થયેલ રકમ મુકત / રીફંડ કરવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૯૭ અને ૫૦૩ ની અરજી લગત હુકમ :–**

**૧)** હાલની અરજી અરજદારે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં તેઓની સાથે થયેલ ફ્રોડ બાબતે આપેલ છે. અરજદારની સાથે કુલ **રૂા.૧૫,૦૦૦/–** નું ફ્રોડ થયેલ છે. સાયબર ક્રાઇમ દ્વારા સામાવાળાની અલગ–અલગ બેંક **(૧) યુકો બેંક, ખાતા નં.૩૦૩૩૦૧૧૦૦૯૮૭૮૩** માં પડેલ **રૂા.૫,૦૦૦/– તથા (૨) ઇન્ડુસઇન્ડ બેંક, ખાતા નં.૨૫૯૬૨૯૭૬૩૦૦૩** માં પડેલ **રૂા.૧૦,૦૦૦/–** એમ **કુલ રૂા.૧૫,૦૦૦/–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા જે હાલ સુધી બેંકમાં પડી રહેલ છે અને અરજદારને પરત મળેલ નથી. આ બાબતે એફ.આઇ.આર. થયેલ નથી. જેથી અરજદારને મોટું આર્થિક નુકશાન થયેલ છે. જેથી અરજદારે ઉપરોકત રકમ મેળવવા હાલની અરજી કરેલ છે. અરજદાર તરફે તેઓની અરજીના સમર્થનમાં **અરજદારના આધાર કાર્ડની નકલ** અને **પાનકાર્ડની નકલ** અને **બેંક ખાતાનો કેન્સલ ચેક અસલ** રજુ કરેલ છે.

**૨)** સદર અરજી આવતા તપાસ કરનાર અમલદારને અભિપ્રાય રજુ કરવા યાદી કરેલ. તપાસ કરનાર અધિકારીએ અરજદારની ફરીયાદના આધારે સાયબર ક્રાઇમ સેલ સી.આઇ.ડી. ક્રાઇમ ધ્વારા અરજદારના ઉપરોકત ખાતા માંથી ગયેલ નાણાં પૈકી સામાવાળાના શંકાસ્પદ બેંક **(૧) યુકો બેંક, ખાતા નં.૩૦૩૩૦૧૧૦૦૯૮૭૮૩** માં પડેલ **રૂા.૫,૦૦૦/– તથા (૨) ઇન્ડસઇન્ડ બેંક, ખાતા નં.૨૫૯૬૨૯૭૬૩૦૦૩** માં પડેલ **રૂા.૧૦,૦૦૦/–** એમ **કુલ રૂા.૧૫,૦૦૦/–** ની રકમ છે તે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ છે. સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર કે અન્ય કોઇ વ્યકિતએ સીઝ કર્યા બાબત તેમના સમક્ષ (પોલીસ) માં કોઇ વાંધા તકરાર જણાવેલ નથી જેથી તે રૂપિયા અરજદારને પાછા આપવા અભિપ્રાય આપેલ છે.

**૩)** સદરહુ મુદામાલ રકમ સંબંધે અરજદાર સિવાય અન્ય કોઇએ કલેઇમ કરેલ નથી તેમજ મુદ્દામાલ રોકડ રકમ છે, જો વધુ સમય બિનવપરાશી બેંક ખતામાં પડી રહે તો અરજદારને આર્થિક નુકશાન સહન કરવી પડે તેમ છે. સદરહુ ગુન્હા બાબતે એફ.આઇ.આર. નોંધાયેલ નથી. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય વંચાણે લેતા અરજદારની રકમ સામાવાળા શંકાસ્પદ બેંક તે રકમ ફ્રીઝ થયેલ છે, જેથી મુદ્દામાલ રોકડ રકમ અરજદારને સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આથી, નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

- અરજદારની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.
- અરજદારે મુદ્દામાલ રોકડ રકમની દોઢી રકમના જામીન આપ્યેથી તપાસ કરનાર અમલદારે અરજદારની **તા.૦૫/૦૨/૨૦૨૬ ની ફરીયાદ નં.૩૧૧૦૨૨૬૦૦૨૮૦ ૬૨** થી ગોંડલ સીટી બી–ડીવીઝન પોલિસ સ્ટેશન દ્વારા સામાવાળાની બેંક **(૧) ચુકો બેંક, ખાતા નં. ૩૦૩૩૦૧૧૦૦૯૮૭૮૩** માં પડેલ **રૂા.૫,૦૦૦/– તથા (૨) ઈન્ડુસઈન્ડ બેંક, ખાતા નં.૨૫૯૬૨૯૭૬૩૦૦૩** માં પડેલ **રૂા.૧૦,૦૦૦/–** એમ **કુલ રૂા.૧૫,૦૦૦/–** ની રકમ અરજદારની બેંક **બેંક ઓફ બરોડા (ઈન્કલુડીંગ વિજ્યા બેંક તથા દેના બેંક)** ના **ખાતા નં.૮૦૪૦૦૧૦૦૦૨૨૬૪૭, IFSC No.BARB0GONDAL** માં જમા કરાવવી.
- હુકમ મુજબ સંબંધીત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજરોજ **તા.૧૬/૦૬/૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ગોંડલ.
તારીખ : ૧૬/૦૬/૨૦૨૬

**(જે.એમ.ગજ્જર)**
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ગોંડલ. (GJ00921)